### રાજ્યમાં ડીપ-સી પાઈપલાઈનની કામગીરી

***15/3/483 શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી પાઈપ લાઇન નાંખવામાં આવનાર છે, તે હકીકત સાચી છે, | (૧) હા,જી. રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સરીગામ, સુરત, અંકલેશ્વર તથા ઝગડિયા, વાપી તેમજ જેતપુર ખાતે ડીપ-સી પાઈપ લાઈન નાંખવામાં આવનાર છે. |
| (૨) જો હા, તો ઉક્ત પાઇપ લાઇન ક્યાંથી ક્યાં સુધીમાં નાંખવામાં આવશે અને કૂલ કેટલી રકમનો ખર્ચ થનાર છે, | (૨) જેતપુર ખાતેના ઔધોગિક એકમોથી પોરબંદર (નવી બંદર) સુધીની ડીપ સી ડીસ્ચાર્જ પાઇપલાઇનની કામગીરીમાં ૧૦ વર્ષની મરામત તથા નિભાવણી સહિત અંદાજીત રૂ ૬૭૫.૦૦ કરોડનો ખર્ચ થનાર છે. |

| ક્રમાંક | પ્રોજેક્ટ | હાલની પરિસ્થિતિ |
|---|---|---|
| ૧ | સરીગામ | • સરીગામ ખાતે તડ્ગામ નજીક પાઈપલાઈન દ્વારા ઉંડા દરિયામાં છોડવા માટેનો પ્રોજેક્ટ છે.<br>• સદર પ્રોજેક્ટનો અંદાજીત કુલ ખર્ચ ૧૮૭.૫૦ કરોડ રૂપિયા છે. |
| ૨ | વાપી | • વાપી ખાતે NIO દ્વારા સુચિત ડિસ્પોઝલ પોઇન્ટ સુધીની ઉંડા દરિયામાં પાઇપલાઇન નાખવાનો પ્રોજેક્ટ છે.<br>• સદર પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ ૧૦૧૨.૦૫ કરોડ રૂપિયા છે. |
| ૩ | અંકલેશ્વર તથા ઝગડિયા | • અંકલેશ્વર તથા ઝગડિયા ખાતે પાઈપલાઈન દ્વારા ખંભાતના અખાતમાં કાંટિયાજળ પાસે ઉંડા દરિયામાં છોડવામાં આવશે.<br>• સદર પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ ૨૭૬.૦૫ કરોડ રૂપિયા છે. |
| ૪ | સુરત | • સુરત પુર્વ દિશા સ્થિત પલાસણા તથા કડોદરા **અને પશ્ચિમ** દિશા સ્થિત સચિન |

| | | |
|---|---|---|
| | | તથા પાંડેસરા ખાતે NIO દ્વારા સુચિત ડિસ્પોઝલ પોઈન્ટ સુધી ઉંડા દરિયામાં છોડવા માટે પાઈપલાઈન નાખવાનો સદર પ્રોજેક્ટ છે.<br>• સદર પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ ૪૮૪૧.૮૫ કરોડ રૂપિયા છે. |
| ૫ | જેતપુર | જેતપુર ખાતેના ઔધોગિક એકમોથી પોરબંદર (નવીબંદર) સુધીની ડીપસી ડીસ્ચાર્જ પાઇપલાઇનની કામગીરીમાં ૧૦ વર્ષ ની મરામત તથા નિભાવણી સહિત અંદાજિત રૂ.૬૭૫.૦૦ કરોડનો ખર્ચ થનાર છે. |
| ૬ | અમદાવાદ | • જરૂરી અમલીકરણની કામગીરી જીઆઇડીસી દ્વારા કરવાનો નિર્ણય થયેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂ. ૧૪૭૮.૦૦ કરોડ થનાર છે. (વહીવટી મંજુરી અનુસાર) |
| ૭ | વડોદરા | • વડોદરા એન્વાયરો ચેનલ લીમીટેડ દ્વારા એફઇટીપીની કામગીરી પુર્ણ થયા પછી જી.ડબલ્યુ.આઇ.એલ દ્વારા વિગતવાર અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂ.૧૨૮.૦૦ કરોડ થનાર છે. (વહીવટી મંજુરી અનુસાર) |

(૩) ઉક્ત ખર્ચમાં રાજ્ય સરકાર અને ઉદ્યોગોનો કેટલો હિસ્સો છે, અને

(૩)

| | | |
|---|---|---|
| ૧ | અમદાવાદ તથા વડોદરા | ઉદ્યોગો દ્વારા ૩૦% અને ૭૦% ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે |
| ૨ | સરીગામ, વાપી, અંકલેશ્વર તથા ઝગડીયા, સુરત અને જેતપુર | ઉદ્યોગો દ્વારા ૨૦% અને ૮૦% ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે?

(૪)

| ક્રમાંક | પ્રોજેક્ટ | હાલની પરિસ્થિતિ |
|---|---|---|
| ૧ | સરીગામ | ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ છે. |
| ૨ | વાપી | CETP માટે EC ની મંજુરીની |

| | | |
|---|---|---|
| | | પ્રક્રિયા હાથ ધરેલ છે. |
| ૩ | અંકલેશ્વર તથા ઝગડિયા | ટેંડર પ્રક્રિયા હાથ ધરેલ છે. |
| ૪ | સુરત | CETP માટે EC ની મંજુરીની પ્રક્રિયા હાથ ધરેલ છે. |
| ૫ | જેતપુર | સર્વે, ઇન્વેસ્ટિગેશન ડિઝાઇન, એંજીનીયરીંગ, જમીન વપરાશ હક સંપાદન, પર્યાવરણીય મંજૂરી સહિત તમામ મંજૂરીઓની કામગીરી હાલ પ્રગતીમાં છે |
| ૬ | અમદાવાદ | જરૂરી અમલીકરણની કામગીરી જીઆઇડીસી દ્વારા કરવાનો નિર્ણય થયેલ છે. |
| ૭ | વડોદરા | વડોદરા એન્વાયરો ચેનલ લીમીટેડ દ્વારા એફઇટીપીની કામગીરી પુર્ણ થયા પછી જી.ડબલ્યુ.આઇ.એલ. દ્વારા વિગતવાર અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. |

---------------------------------------------------------------